# આઈપીએલના સટ્ટાખોરોને કારણે જ CAએ આપઘાત કરવો પડ્યો હતો

**મુળ** બનાસકાંઠાના વતની અને અડાજણમાં રહેતા સીએ જૈનમ દોશીએ સટોડિયા વારંવાર ધમકી આપતાં હતાં

### શહેરમાં એક આઇપીએલમાં પાંચથી દસ આત્મહત્યા થતી હોવાની વકી

મનોજ-ગજુ, કાનો, મહારાજ, બન્ટી જેવા લુખ્ખાઓનો એવો આતંક છે કે તેઓની અંદરમાં આખી ગેંગો સક્રિય છે. જો તમે ક્રિકેટમાં સટ્ટો લગાવ્યા બાદ નાણાં નહી આપ્યા તો તમારી હત્યા કે સરેઆમ તમને ફટકારવાની ઘટના બની શકે છે. આઈપીએલમાં જ હાલમાં તો સીએએ આત્મહત્યા કરી છે. એક આઇપીએલ સીઝનમાં શહેરમાં દસ પરિવારો નધણિયાત એટેલ કે દસ જેટલી આત્મહત્યા થતી હોવાની આશંકા છે. સરવાળે પોલીસદાદાઓએ આ લુખ્ખાઓને સરેઆમ લોકોને ઘંધો કરવા દેવાની છૂટ આપી છે. તેમાં એક સમયે શહેરમાં ગેંગવોર કરનારા મનોજ અને ગજુ ઉપરાંત મહારાજ અને કાના સાથે કયા પોલીસદાદાઓની ભાગીદારી છે કે આ લોકો ગોવા ખાતે લવારા રહ્યા છે. આ માફિયાઓ પર એક પણ પોલીસ કેસ થયો નથી તે પણ આ લોકોના ગપગોળાને સમર્થન આપી રહ્યું છે. આ સટોડિયા સાથે એવું કહેવાય છે કે વીસ ટકાની ભાગીદારી કેટલાક પોલીસદાદાઓ ભાગીદારીમાં છે. આ કિસ્સામા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત તપાસ કરે તો ચોંકાવનારી વિગતો બહાર આવી શકે છે. વીસ ટકા ભાગીદારી જો વાસ્તવમાં ક્રિકેટ સટ્ટામાં હોય તો આ ઘંઘામાં કરોડોની રોકડી જે તે પોલીસદાદાઓ રળી રહ્યા છે.

સુરતઃ સુરતમાં હાલમાં પ્રતિદિન સો કરોડનો ક્રિકેટ સટ્ટો તેની ચરમસીમાએ છે. ત્યારે ગજુ અને મનોજ તથા કાના અને મહારાજ સાથે તેમના પોલીસદાદાઓ સાથે ભાગીદારીને કારણે શહેરના અડાજણ ખાતે રહેતા સીએએ આત્મહત્યા કરવાની નોબત આવી ગઈ હતી. આઇપીએલના સટ્ટામાં દેવું થઇ જતા આ સીએ જૈનમ મહેશ દોશી, જે મૂળ બનાસકાંઠાનો વતની છે તથા અડાજણમાં ન્યુઝ અવેન્યુ ખાતે રહે છે.

તે બે સંતાનોનો પિતા છે, તેણે આપઘાત કરવો પડ્યો હતો. સટોડિયાઓ દ્વારા તેને મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવી હોવાની વિગતો જાણવા મળી છે. આ મામલે પોલીસ કમિશનર ગેહલોત તપાસ કરે તો પોલીસની સટોડિયાઓને સપોર્ટ કરવાની સિસ્ટમ ઉઘાડી પડે તેમ છે. આ ચીટરો રાજકીય આકાઓ સાથે સેટિંગ કરીને હાલમાં બિન્દાસ્ત ઘંઘો કરી રહ્યા હોવાનો દાવો કરી રહ્યા છે.

## સુરતમાં વધુ 6218 પ્રધાનમંત્રી આવાસ બનાવવા ટેન્ડર બહાર પડયા

સુરત : PM આવાસ યોજના હેઠળ શહેરમાં કુલ ૭ સ્થળોએ અંદાજે રૂ. ૬૭૯ કરોડના ખર્ચે આ આવાસો સાથે ૬૭ દુકાનો પણ બનાવવાનું આયોજન હાથ ધરાયું છે. ટેન્ડર પ્રક્રિયા શરૂ થતાં જ ઈજારદાર મળ્યા બાદ ટૂંક સમયમાં નિર્માણ કામગીરીનો પ્રારંભ કરવામાં આવશે. પાલિકાના આયોજન મુજબ ઇડબલ્યૂએસ-૧ કેટેગરીના ૩ અને ઇડબલ્યૂએસ-૨ કેટેગરીના ૪ પ્રોજેક્ટ સાકાર કરવામાં આવશે. ઉધના ઝોનના ટી.પી.૫૪ (ભેસ્તાન) વિસ્તારમાં સૌથી મોટો પ્રોજેક્ટ હાથ ધરાશે, જેમાં રૂ. ૧૯૦.૭૬ કરોડના ખર્ચે ૧૫૬૮ આવાસ બનશે. રાંદેર ઝોનના જહાંગીરાબાદ વિસ્તારમાં પેકેજ-૧ હેઠળ ૧૨૪૦ અને પેકેજ-૨ હેઠળ ૧૧૩૬ આવાસોનું નિર્માણ થશે. આ ઉપરાંત સરથાણા-વાલક વિસ્તારમાં ૫૪૮, પાલનપોર વિસ્તારમાં ૫૫૦, અલથાણ-સાઉથ વિસ્તારમાં ૩૨૦ તેમજ વેસુ વિસ્તારમાં ૮૫૬ આવાસોને મંજૂરી આપવામાં આવી છે.

# ઘોડદોડની મોબાઈલની દુકાનનું શટર તોડી ચોરી

**રિપેરિંગમાં** આવેલા ગ્રાહકોના ૬૩ હજારની કિંમતના ૬ મોબાઇલ ચોરાયા

સુરત : સુરતના ઘોડદોડ રોડની એક મોબાઈલ રિપેરિંગની દુકાનને તસ્કરોએ નિશાન બનાવી હતી. ૬૩ હજારની મત્તાના ૬ નંગ મોબાઈલ ફોન ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે દુકાનદારે ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ડિંડોલી વિસ્તારમાં આવેલી અંબિકા પાર્ક સોસાયટીમાં રહેતા ૪૫ વર્ષીય પ્રદિપ તારકેશ્વર પટવા ઘોડદોડ રોડ પર આવેલા અમૃતધારા કોમ્પ્લેક્સમાં 'ફિક્સ માય ફોન' નામે મોબાઈલ રિપેરિંગની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. રાત્રિના સમયે તેઓ રાબેતા મુજબ પોતાની દુકાન લોક કરીને ઘરે ગયા હતા. દરમિયાન મોડી રાત્રે કોઈ અજાણ્યા શખ્સે દુકાનના શટરનું તાળું તોડી અથવા શટર ઉંચકાવી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ દુકાનમાં અન્ય કોઈ કિંમતી ચીજવસ્તુને બદલે રિપેરિંગ માટે મુકવામાં આવેલા અલગ-અલગ કંપનીના કિંમતી મોબાઈલ ફોન પર નજર બગાડી હતી. અજાણ્યો ઈસમ દુકાનમાંથી અંદાજે રૂ. ૬૩,૦૦૦ની કિંમતના કુલ ૬ નંગ મોબાઈલ ફોન ચોરી કરી નાસી છૂટ્યો હતો. સવારે જ્યારે દુકાન માલિકને ચોરીની જાણ થઈ ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.ઘટનાની જાણ થતા જ ઉમરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. દુકાનદાર પ્રદિપ પટવાની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા તસ્કર વિરૂદ્ધ ચોરીનો ગુનો દાખલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, ઘોડદોડ રોડ જેવા વ્યસ્ત અને હાઈ-પ્રોફાઈલ વિસ્તારમાં ચોરીની ઘટનાને પગલે સ્થાનિક વેપારીઓમાં ભય સાથે રોષ જોવા મળી રહ્યો છે. હાલ પોલીસ આસપાસના કોમ્પ્લેક્સના સીસીટીવી ફૂટેજ ચકાસી રહી છે જેથી તસ્કરોનું સગડ મેળવી શકાય.

# બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત પ્રકરણમાં પુનમના જામીન મંજુર

**વકીલે** મૃતક તુષારની દિકરીએ પોલીસને આપેલાં નિવેદનને આધાર બનાવી દલીલ કરી

### પુનમ ભદોરીયાની ફરિયાદ રદ કરવાની અરજી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ

આ કેસમાં આરોપી સ્ત્રીમિત્ર પુનમે અગાઉ હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવા માટે પિટિશન કરી હતી. જેની સુનાવણી બાદ હાઈકોર્ટે આરોપીની ક્વોશિંગ પિટિશન નામંજૂર કરી હતી. ત્યારબાદ આરોપીએ પુનમે તેની સામેની ફરીયાદ ખોટી હોય તે રદ કરવા તથા ગુનાની તટસ્થ તપાસ એજન્સીને સોપવા સુપ્રિમ કોર્ટમાં અરજી કરી છે, જે હાલમાં સુપ્રિમ કોર્ટમાં પેન્ડિંગ છે.

સુરતઃ બિલ્ડર તુષાર ઘેલાણી આત્મહત્યાની દુષ્પ્રેરણા કેસમાં પુનમ ભદોરીયાની જામીન અરજી હાઈકોર્ટે મંજુર કરી હતી.

બિલ્ડર તુષાર ઘેલાણીના મૃત્યુ બાદ તા.૦૭/૦૨/૨૬ નાં રોજ પુનમ ભદોરીયાએ તુષાર ઘેલાણીનાં આત્મહત્યા ઉપર શંકા ઉભી કરી કેટલાક ગંભીર આક્ષેપોવાળી અરજી પોલીસ કમિશ્નરને આપી હતી, ત્યારબાદ તા.૨૧/૦૨/૨૬ નાં રોજ તુષાર ઘેલાણીની દિકરી તન્વીએ તેના પિતા તુષાર ઘેલાણીનાં આત્મહત્યાનાં દુષ્પ્રેરણાનો ગુનો સ્ત્રીમિત્ર પુનમ ભદોરીયા વિરૂધ્ધ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાવ્યો હતો. સ્ત્રીમિત્ર પુનમએ તુષારભાઈ ઘેલાણીને હેરાન-પરેશાન કરી સમાજમાં બદનામ કરવાની ધમકી આપી નાણાં તથા મિલકતો પડાવી લઈ આત્મહત્યા કરવા દુષ્પ્રેરણા કરી હોવાનો આક્ષેપ કરાયો હતો. આ કેસમાં પુનમ ભદોરીયાએ સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજુર થઈ હતી. જેથી પુનમ ભદોરીયાએ હાઈકોર્ટમાં વકીલ સુરજ શુકલા મારફતે જામીન અરજી કરી હતી. જામીન અરજીની તરફેણમાં તુષારભાઈની દિકરી તન્વીએ તા.૦૯/૦૨/૨૬નાં રોજ પોલીસને જે નિવેદન આપ્યું હતું, તેમાં પિતા તુષારભાઈના સ્યુસાઈડ કરવાનું કારણ લગ્નની પૂર્વ તૈયારી બાબતે મતભેદ થતા તુષારભાઈ ગુસ્સે થઈ જતા તેમણે આવેશમાં આ પગલુ ભરેલ હોવાનાં નિવેદનને આધાર બનાવીને દલીલ કરવામા આવી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટે આરોપી પુનમ ભદોરીયાની જામીન અરજી મંજુર કરી હતી.

### ગરમી વધતા નેચરપાર્કમાં કૂલર મૂકાયા



છેલ્લા ત્રણ દિવસથી સુરતમાં આકરી ગરમી પડી રહી છે. તેનાથી પશુ-પક્ષીઓને રક્ષણ મળી રહે તે માટે સરથાણા નેચર પાર્કમાં કૂલર મૂકવામાં આવ્યા છે. (તસવીર : સતીષ જાદવ)

# સ્કૂલ છોડનારને ફરી ભણતરના માર્ગે વાળતા મ્યુનિસિપલ કમિશનર

**છેલ્લા** ચાર જ વર્ષમાં સુરતમાં 52 હજારથી વધુ ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓ હોવાનો અંદાજ

**મનપાના** તમામ ઝોનલ ચીફ, ડે.કમિ.ને કામે લગાડાયા, 2582 વિદ્યાર્થીઓને ફરી શાળામાં મુકાયા



સુરત : રાજ્ય સરકારની 2030 સુધીમાં ગુજરાતને 100 ટકા સાક્ષર બનાવવાની ઝુંબેશમાં સુરતમાં પણ છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન શાળાઓ છોડી જનાર વિદ્યાર્થીઓને ફરી શાળા સાથે જોડવાનું અભિયાન શરૂ કરાયું છે. જેમાં ખુદ મ્યુનિ.કમિ. એમ. નાગરાજને પણ આગેવાની લીધી છે. સર્વે દરમિયાન સુરત શહેરમાંથી ૫૨,૯૭૯ એવા વિદ્યાર્થીઓ સામે આવ્યા છે, જેમણે અગાઉ અભ્યાસ કર્યો હતો પરંતુ આગળના ધોરણમાં પ્રવેશ લીધો ન હતો. આવા બાળકોને ફરી શાળા સાથે જોડવા માટે કમિ. દ્વારા સ્લમ વિસ્તારો અને વિવિધ વસાહતોમાં વાલીઓ સાથે સીધો સંવાદ કરવામાં આવી રહ્યો છે.

મનપા અને શિક્ષણ વિભાગની ટીમો દ્વારા અત્યાર સુધીમાં ૩૮ હજારથી વધુ ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓનો સંપર્ક અને સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. સર્વે દરમિયાન ઘણા પરિવારોમાં આર્થિક પરિસ્થિતિ, સ્થળાંતર, કામધંધા તેમજ જાગૃતિના અભાવ જેવા કારણો સામે આવ્યા હતા. અધિકારીઓ દ્વારા વાલીઓને બાળકોનું શિક્ષણ ફરી શરૂ કરાવવા સમજાવવામાં આવી રહ્યું છે અને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી ૨૫૮૨ વિદ્યાર્થીઓએ ફરી આગળના ધોરણમાં પ્રવેશ મેળવી લીધો છે. ઉપરાંત, સર્વે દરમિયાન જાણવા મળ્યું કે ૮૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અન્ય શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે, જ્યારે ૧૩૬૦ વિદ્યાર્થીઓએ મોડેથી તે જ શાળામાં ફરી પ્રવેશ મેળવી લીધો હતો. છેલ્લા કેટલાક દિવસોથી મનપા કમિશનર દ્વારા ખાસ કરીને સ્લમ પોકેટ વિસ્તારોમાં જઈ વાલીઓ સાથે બેઠક અને ચર્ચા કરવામાં આવી રહી છે. મોટાભાગના કેસોમાં બાળકોના અભ્યાસ છૂટવાના કારણો જાણી તેનું સ્થળ પર જ નિરાકરણ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આગામી દિવસોમાં તમામ ડેપ્યુટી કમિશનરોને પણ આ અભિયાન સાથે વધુ સક્રિય રીતે જોડવામાં આવશે.

### ડ્રોપઆઇટને ફરી સ્કૂલમાં લઈ જવાના અભિયાનની આંકડાકીય ઝલક

| | |
|---|---|
| - સર્વેમાં સામે આવેલા ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓ | : ૫૨,૯૭૯ |
| - અત્યાર સુધી સંપર્ક/સર્વે કરાયેલા વિદ્યાર્થીઓ | : ૩૮,૦૦૦થી વધુ |
| - ફરી શાળામાં જોડાયેલા વિદ્યાર્થીઓ | : ૨૫૮૨ |
| - અન્ય શાળામાં અભ્યાસ કરતા મળેલા વિદ્યાર્થીઓ | : ૮૫૦૦થી વધુ |
| - મોડેથી તે જ શાળામાં ફરી પ્રવેશ લેનારા | : ૧૩૬૦ |
| - લક્ષ્યાંક | : વર્ષ ૨૦૩૦ સુધી ૧૦૦% સાક્ષરતા |

મેઈન્ટેનન્સ માટે ઈજારદારો જ મળતાં નહીં હોવાથી

# ગાંધીબાગ સહિત કોટવિસ્તારના 13 બગીચા બેલદારોના હવાલે

**તમામ** બાગની નિયમિત માવજતનો પ્રશ્ન પેચીદો બન્યો, સાત વખત ટેન્ડરિંગ કરાયું પણ...

### કોટ સફીલ રોડ પર આઇકોનિક આઇલેન્ડ બનાવવામાં પણ કોઇ એજન્સીને રસ નથી

મનપાના સેન્ટ્રલ ઝોન દ્વારા કોટસફિલ રોડથી નવસારી બજાર સુધીના જાહેર માર્ગ પર આવેલા ટ્રાફિક આઇલેન્ડને આકર્ષક રીતે વિકસાવવાની યોજના પણ બનાવવામાં આવી હતી. ટ્રાફિક મેનેજમેન્ટ સુધારવા અને શહેરની સુંદરતા વધારવા માટે ટેક્નિકલ પ્રક્રિયા હાથ ધરાઈ હોવા છતાં તેમાં પણ કોઈ ઈજારદારે રસ દાખવ્યો ન હોવાથી યોજના અટવાઈ ગઈ છે. હવે આગામી દિવસોમાં નવી શરતો અને નક્કર આયોજન સાથે ફરી પ્રયાસ કરવામાં આવશે.

સુરત : એક સમયે તળ સુરતના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર ગણાતા ચોકબજાર સ્થિત ગાંધી બાગ સહિત સેન્ટ્રલ ઝોનના ૧૩ જેટલા નાના-મોટા બાગ અને શાંતિકુંજોની જાળવણી હવે સુરત મહાનગરપાલિકા માટે મોટો પડકાર બની છે.

ગાંધી બાગ એક સમયે પરિવાર, બાળકો અને યુવાનો માટે લોકપ્રિય સ્થળ ગણાતો હતો, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં અસામાજિક તત્વોની અવરજવર અને નશાકારક પદાર્થોના સેવન જેવી ફરિયાદોને કારણે બાગની સ્થિતિ દયનીય બની ગઈ છે. થોડા સમય પહેલાં ગાંધી બાગમાં નશાકારક પ્રવૃત્તિઓ ચાલતી હોવાના મુદ્દે પણ ભારે ચકચાર મચી હતી. હવે તેની સાથે જ બાગની નિયમિત માવજતનો પ્રશ્ન પણ ગંભીર બન્યો છે. સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલા ગાંધી બાગ, દયાળજી બાગ સહિતના અનેક બાગો અને શાંતિકુંજોની જાળવણી માટે અગાઉ સાત વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી, પરંતુ આકરી શરતો અને અન્ય ટેક્નિકલ કારણોસર કોઈ ઈજારદારે રસ દાખવ્યો ન હતો. હાલમાં કેટલાક સ્થળોએ જૂના ઈજારદારોને મનાવીને કામગીરી કરાવવામાં આવી રહી છે, જ્યારે અનેક બાગોની સફાઈ અને દેખરેખ માટે ઝોનના બેલદારોને કામ સોંપવામાં આવ્યું છે.

## પાંચ વર્ષથી ફરાર ઝારખંડનો શૂટર સચીનથી ઝડપાયો

સુરતઃ ઝારખંડના સાહેબગંજ જિલ્લામાં હત્યાનો પ્રયાસ કરી છેલ્લા પાંચ વર્ષથી પોલીસને થાપ આપી રહેલા એક ખતરનાક આરોપીને સચીન પોલીસે ફિલ્મી ઢબે ઝડપી પાડ્યો છે. આરોપી મનીષ યાદવ વિરુદ્ધ ઝારખંડના બોરીયો પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૧માં આઈપીસીની હત્યાની કોશિશનો ગુનો નોંધાયો હતો. ગુનો કર્યા બાદ આરોપી ઝારખંડથી ભાગીને સુરત આવી ગયો હતો અને અહીં મજૂરીકામની આડમાં છુપાઈને રહેતો હતો. આરોપી લાંબા સમયથી ફરાર હોવાથી કોર્ટ દ્વારા તેની વિરુદ્ધ CRPCની કલમ ૭૦ મુજબનું વોરન્ટ પણ જારી કરવામાં આવ્યું હતું.સચીન પોલીસે આરોપીની ધરપકડ કર્યા બાદ તુરંત જ ઝારખંડના સાહેબગંજ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ઝારખંડ પોલીસની એક ટીમ સુરત આવી પહોંચતા તેનો કબજો તેમને સોંપવામાં આવ્યો છે.

# રાત્રિસફાઈમાં લાલીયાવાડીથી ખફા કમિ. જાતે રાઉન્ડ લેશે

**કમિ.** અગાઉ સવારના રાઉન્ડમાં નીકળતાં હતાં ત્યારે અધિકારીઓ સીધા થઇ ગયા હતા

**હવે** રાત્રિ રાઉન્ડમાં પણ કેટલાકનો વારો પડી જશે તેવી સંભાવના

સુરત : સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ અંતર્ગત કેન્દ્રીય મૂલ્યાંકન ટીમ ગમે ત્યારે સુરતની મુલાકાત લઈ શકે તેવી શક્યતાઓ વચ્ચે સુરત મહાનગરપાલિકા તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. શહેરની સફાઈ અને સ્વચ્છતા વ્યવસ્થા વધુ અસરકારક બનાવવા મનપા કમિશનર એમ. નાગરાજન શરૂઆતથી જ સવારના ફિલ્ડ રાઉન્ડ કરી વિવિધ ઝોનના અધિકારીઓને દોડતા કર્યા હતા. હવે સવારની સાથે રાત્રિ સફાઈની કામગીરીમાં પણ ખામી દેખાતાં મ્યુનિ.કમિ. જાતે નાઈટ રાઉન્ડ શરૂ કરવાની તૈયારીમાં છે.

મળતી માહિતી મુજબ, શહેરમાં જાહેર માર્ગોની રાત્રિ સફાઈ માટે ૩૦ સ્કેપિંગ-બ્રશિંગ મશીનો અને અંદાજે ૧૪૫૦ ડેઈલી વેજીસ કામદારો કાર્યરત છે. દરેક મશીન દ્વારા દરરોજ રાત્રે અંદાજે ૪૦ કિલોમીટર રસ્તાની સફાઈ કરવામાં આવે છે, જ્યારે આંતરિક વિસ્તારોમાં કામદારો દ્વારા સફાઈ બાદ કચરો ડોર-ટુ-ડોર વાહનો મારફતે એકત્રિત કરવામાં આવે છે. જોકે, ઝોનલ ચીફ, કાર્યપાલક ઈજનેરો અને આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા નિયમિત મોનિટરિંગ છતાં રાત્રિ સફાઈનું પરિણામ સંતોષકારક ન હોવાનું ચિત્ર સામે આવ્યું છે. જેના કારણે મનપા કમિશનરે હવે જાતે જ રાત્રિ દરમિયાન ફિલ્ડમાં ઉતરી સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવાનો નિર્ણય લીધો છે. કમિશનરના નાઈટ રાઉન્ડના સંકેત બાદ સફાઈ સાથે જોડાયેલી મશીનરી, મેનપાવર અને અધિકારીઓમાં પણ એલર્ટની સ્થિતિ જોવા મળી રહી છે.

# વસતી ગણતરી માટે મનપાના 10 હજાર કર્મચારીની ટ્રેનિંગ શરૂ

**પ્રથમ** તબક્કામાં પાંચ શાળાના 54 વર્ગોમાં તાલીમ શિબિરમાં 385 કર્મચારીઓને તાલીમ અપાઈ રહી છે

સુરત : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાં હવે ડિજિટલ વસ્તી ગણતરીની તૈયારીઓ જોરશોરથી શરૂ થઈ ગઈ છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં મંગળવારથી ગણતરીદાર અને સુપરવાઈઝર સહિતના લગભગ ૧૦ હજાર કર્મચારીઓને તાલીમ આપવાની પ્રક્રિયાનો આરંભ થશે. પાંચ શાળાઓના કુલ ૫૪ વર્ગખંડોમાં યોજાનારી આ તાલીમ શિબિરમાં દરરોજ સવાર અને બપોરના બે બેચમાં મળીને ૩૮૫૦ કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે.

સુરત મહાનગર વિસ્તારમાં ડિજિટલ વસ્તી ગણતરી માટે કુલ ૧૪,૭૦૦ કર્મચારીઓની મદદ લેવામાં આવનાર છે. પાલિકાના સેન્સસ વિભાગ દ્વારા તાલીમને ત્રણ તબક્કામાં આયોજનબદ્ધ કરવામાં આવી છે. પ્રથમ તબક્કો ૧૨થી ૧૩ મે, બીજો તબક્કો ૧૪થી ૧૬ મે અને ત્રીજો તબક્કો ૨૧થી ૨૩ મે દરમિયાન યોજાશે. ૧૧ મેની જાહેર રજાને ધ્યાનમાં રાખી તાલીમની શરૂઆત હવે ૧૨મી મેના મંગળવારથી કરવામાં આવી રહી છે. દરરોજ સવારના બેચમાં ૧૯૨૫ અને બપોર પછીના બેચમાં ૧૯૨૫ કર્મચારીઓને તાલીમ અપાશે. પ્રથમ બે તબક્કામાં કુલ ૮ હજાર ગણતરીદાર અને અંદાજે ૨ હજાર સુપરવાઈઝરને આવરી લેવામાં આવશે, જ્યારે બાકીના કર્મચારીઓને ત્રીજા તબક્કામાં તાલીમ આપવામાં આવશે. વસ્તી ગણતરીના પ્રારંભ પહેલા ૧૭ મેના રોજ મંત્રીઓ અને પદાધિકારીઓની ડિજિટલ નોંધણી સાથે આ અભિયાનનો ઔપચારિક શ્રીગણેશ કરવામાં આવશે. તાલીમ શરૂ થાય તે પહેલાં સોમવારે પૂર્વ તૈયારીના ભાગરૂપે ૨૦૦ માસ્ટર ટ્રેનરોને વીડિયો કોન્ફરન્સ મારફતે ખાસ માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે 'મ્યુઝિકલ હાઉસી'નો પ્રોગ્રામ થયો



સુરતઃધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ ખાતે તા.૧૦-૦૫-૨૦૨૬ ને રવિવાર ના રોજ 'મ્યુઝિકલ હાઉસી'નો કાર્યક્રમ રાખવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ૧૨૦૦ જેટલા સભ્યો પરિવારોએ ભાગ લીધો હતો. સભ્યોએ લાઈવ ગીતોની સાથે હાઉસીની મજા માણી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રકારની મ્યુઝિકલ હાઉસી પ્રથમ વખત યોજાઈ છે. આ કાર્યક્રમમાં ૧૭૦થી વધારે ઈનામો આપવામાં આવ્યા હતા. આયોજન સંસ્થાના પ્રમુખ કનૈયાભાઈ કોન્ટ્રાકટર અને સેક્રેટરી હિતેશભાઈ પટેલની આગેવાનીમાં મનોરંજન કમિટીના કન્વીનર હેમંતભાઈ જરીવાલા અને સહ-કન્વીનર કિશોરભાઈ પટેલ અને મનોરંજન કમિટીએ કાર્યક્રમનું કર્યું હતું.

### શેખ મુસ્લિમ દરજી સમાજ દ્વારા મહાનુભાવો અને તેજસ્વી તારલાઓનું સન્માન



સુરતઃ શેખ મુસ્લિમ દરજી સમાજ ટ્રસ્ટ, સુરત દ્વારા સમાજના મહાનુભાવો તેમજ તેજસ્વી તારલાઓને સન્માનવાનો એક કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય વક્તા અને નવયુગ કોમર્સ કોલેજના નિવૃત્ત પ્રોફેસર ડો. જી.એમ. મલિક, ટેક્સટાઇલ એન્જિનિયર ઈરફાનભાઈ બાધિયા, C.A. શાહિદભાઈ અને ઈર્શાદભાઈ શેખે કાર્યક્રમમાં વિવિધ મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું. શના અમરભાઈ શેખને સમાજના સર્વોચ્ચ "સમાજ રત્ન એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ધોરણ 10 અને 12 ના તમામ પાસ અને નાપાસ વિદ્યાર્થીઓને સ્માર્ટ વોચ ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં માત્ર સુરત જ નહીં, પરંતુ રાજપીપલા, અંકલેશ્વર, વડોદરા અને કરજણ સહિત વિવિધ વિસ્તારોમાંથી સમાજના આગેવાનો, વડીલો અને યુવાનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ ઈરફાનભાઈ શેખે ટ્રસ્ટની વિચારધારા રજૂ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે મહમ્મદભાઈ, ઉપપ્રમુખ ઝાકીરભાઈ, સેક્રેટરી સાબીરભાઈ, ખજાનચી જહુરભાઈ તેમજ ટ્રસ્ટના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી હતી. પ્રોગ્રામ હેડ મોહસીન શેખે આભાર વ્યક્ત કર્યો હતો.

### બેગમપુરામાં બાલકૃષ્ણ મહારાજની પુણ્યતિથિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો- પાલખીયાત્રા યોજાશે



સુરતઃ બેગમપુરા વડવાળી શેરી સ્થિત અક્કલકોટ સ્વામી સમર્થ ટ્રસ્ટ દ્વારા વૈશાખ વદ એકાદશીના પવિત્ર અવસરે સ્વામી સમર્થ સંપ્રદાયના મહાન સંત બાલકૃષ્ણ મહારાજની પુણ્યતિથિ મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે. આગામી ૧૩ મે, બુધવારના રોજ સવારે 7 કલાકે કેશર સ્નાન, અભિષેક, લઘુરુદ્ર અને મહાઆરતી યોજાશે. ત્યારબાદ સાંજે 5 કલાકે બેગમપુરાની વિવિધ શેરીઓમાંથી ભવ્ય પાલખી યાત્રા નીકળશે, જે અશ્વનિકુમાર રોડ સ્થિત વૈદરાજ મહાદેવના ઓવારા પાસે આવેલા બાલકૃષ્ણ મહારાજ સમાધિ મંદિરે પહોંચશે. ત્યાં પાદુકા પૂજન અને મહાઆરતી થશે. આ ધાર્મિક મહોત્સવમાં તમામ ભક્તોને ઉમટી પડવા ટ્રસ્ટ દ્વારા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### સગરામપુરા 'મિની ડાકોર' મંદિર દ્વારા 46 હજાર નોટબુકનું રાહતદરે વિતરણ




સુરતઃ સગરામપુરા મેઈન રોડ પર સ્થિત રણછોડજી મહારાજ મંદિર ટ્રસ્ટ (મિની ડાકોર) અને જગતજીત હનુમાનજી મંદિર દ્વારા રવિવારે વધતી મોંઘવારીમાં વાલીઓને આર્થિક ટેકો આપવાના આશયથી મંદિર પરિસર ખાતે રાહતદરે નોટબુક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કુલ 46,000 જેટલી નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ ધોરણ-1 થી ઉપરના વિદ્યાર્થીઓને એક માર્કશીટ દીઠ 10 નોટબુક માત્ર રૂ. 200/- જેવા રાહત દરે અપાઈ હતી. સવારે 10 વાગ્યાથી શરૂ થયેલા આ વિતરણમાં વાલીઓની લાંબી કતારો જોવા મળી હતી.

### વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલમાં "માતૃત્વ ઉત્સવ" યોજાયો



સુરતઃ વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલમાં માતૃત્વના પ્રેમ, ત્યાગ, શક્તિ અને સ્નેહને માન આપવા માટે "માતૃત્વ ઉત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સ્વાગત સમારોહથી થઈ હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાની પ્રિન્સિપાલ શ્રીમતી પૂર્વિકા સોલંકીએ માતૃત્વના મહત્વ વિશે પ્રેરણાદાયક વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "માતાનો પ્રેમ એ મજબૂત પાયો છે, જેના પર બાળકનો આત્મવિશ્વાસ, સંસ્કાર અને સપનાઓનું નિર્માણ થાય છે. માતાઓ એ નિસ્વાર્થી યોદ્ધા છે, જે પોતાના બાળકોના પાલનપોષણ, માર્ગદર્શન અને સફળતા માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરે છે.''

### લક્ષ્ય વિહોણું કાર્ય જીવનમાં ક્યારે પણ સફળ થવા નહીં દે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈ: ગોરેગાંવ (વેસ્ટ)ના શ્રીનગર સોસાયટીના શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભાને સંબોધતા કહ્યું હતું કે, લક્ષ્યવિહોણી આરાધના કે સાધના બહુ બહુ તો દુ:ખમુક્તિ કે સદગતિ આપી શકે. મુક્તિની મંઝિલે પહોંચવા માટે લક્ષ્ય હોવું જોઈએ. આજે માણસ પોતાના જીવનનું લક્ષ્ય ભૂલ્યો છે. આજના માનવનું લક્ષ્ય સત્તા, સંપત્તિ અને સાધનો છે. કોઈને દિલ્હીનું સિંહાસન દેખાય છે તો કોઈને સમાજના પ્રતિષ્ઠિત પ્રમુખનો હોદ્દો દેખાય છે. કોઈને સંપત્તિમાન થવું છે તો કોઈને શક્તિમાન થવું છે. ડોનાલ્ડ ટ્રમ્પને જગતના જમાદાર બનવાનું સપનું છે. એ સપનું સાકાર કરવા માટે જે કરવું પડે તે કરવા તૈયાર છે. લક્ષ્ય વિહોણું કાર્ય જીવનમાં ક્યારે પણ સફળ થવા નહીં દે. કાર્યસિદ્ધિ માટે સખત પુરુષાર્થ અને પ્રચંડ પુણ્યની આવશ્યકતા છે.